# ખેડૂતોને દેવું જ ન કરવું પડે તેવી વ્યવસ્થા કરો....

**આપણા દેશમાં ચૂંટણી આવે એટલે ખેડૂતોનાં દેવાંની માફીનો પ્રશ્ન ખેડૂતો કરતાં રાજકીય પક્ષો વધુ ચગાવે છે. કેમ કે જે ચૂકવવાનું છે તે દેશની તિજોરીમાંથી જવાનું છે. રાજકીય પક્ષો કે રાજનેતાઓને તો કોના બાપની દિવાળી જેવો ઘાટ છે.**



**મણિલાલ એમ. પટેલ.** aarpar@gmail.com

આપણા દેશમાં ચૂંટણી આવે એટલે ખેડૂતોનાં દેવાંની માફીનો પ્રશ્ન ખેડૂતો કરતાં રાજકીય પક્ષો વધુ ચગાવે છે. કેમ કે જે ચૂકવવાનું છે તે દેશની તિજોરીમાંથી જવાનું છે. રાજકીય પક્ષો કે રાજનેતાઓને તો કોના બાપની દિવાળી જેવો ઘાટ છે. દેવાં નાબૂદી એ અર્થશાસ્ત્રનો વિષય છે તેને રાજ્યશાસ્ત્ર કે મતશાસ્ત્રનો વિષય બનાવી દેવાયો છે. હમણાં આપઘાત કરતા ખેડૂતોને વળતરના મુદ્દે સર્વોચ્ચ અદાલતે કહ્યું કે સરકાર ખોટી દિશામાં છે આપઘાત જ ન કરવા પડે તેવી નક્કર નીતિ ઘડી કાઢવાની જરૂર છે. આવું જ ખેડૂતોનાં દેવાંની નાબૂદીના મુદ્દે વિચારવાની જરૂર છે. દેવાંની નાબૂદીથી ખેડૂતોનો ઉદ્ધાર થઇ જવાનો નથી, તેમની સ્થિતિમાં પરિવર્તન આવવાનું નથી યા તો સ્થિતિ સુધરી જવાની નથી. રિઝર્વ બૅન્કે કહ્યું કે પ્રશ્ન નાણાકીય શિસ્ત અને મૂલ્યોનો છે. જે દેશની ગ્રામીણ સંસ્કૃતિ દૂધે ધોઈને પાછા આપવાની છે ત્યાં દેવાંમાફી મૂલ્યોનો પ્રશ્ન ઊભો કરે છે. વળી, જો દરેક ક્ષેત્રમાં નાણાં લીધા પછી પાછા ન આપવાની મનોવૃત્તિ કેળવાશે તો દેશનું અર્થતંત્ર તૂટી જશે. માત્ર ખેડૂતો જ નહીં ઉદ્યોગોનાં અબજોનાં નાણાં ન આવતાં બૅન્કોની સ્થિતિને માઠી અસર થઈ અને સરકારે બૅન્કોને બચાવવા નોટબંધી કરવી પડી.

આપણા દેશમાં મૂળ સમસ્યાનું થડ શોધવાને બદલે ડાળાં -પાંખડાં શોધીને ધૂળ પર લીંપણ લગાવીને પ્રશ્ન ઉકેલી દેવાય છે. વાસ્તવમાં ખેડૂતોને કેમ દેવાં કરવા પડે છે તેનાં કારણો શોધીને તે નિવારવાની યોજના ઘડી કાઢવાની જરૂર છે.જેથી ખેડૂતોને દેવું કરવાની જ જરૂર ન રહે અને માફીનો પ્રશ્ન પણ ન આવે. આજે તો દેવાં નાબૂદીની વાતો દરેક પક્ષો માટે ચૂંટણીની સિઝનમાં મતનો મબલખ પાક લણી લેવાની એક તરકીબ માત્ર બની ગઇ છે.

આપણા દેશમાં ખેતીની જમીન, પાણીની વ્યવસ્થા ,પાકોની વિવિધતા,ખેતીની પદ્ધતિ વગેરે જિલ્લે જિલ્લે જુદાં છે. તેના વ્યાપક સંશોધનની જરૂર છે. આખા દેશમાં ખેતીની સ્થિતિ એક સરખી નથી. કમનસીબે આજે ખેતરનો સેઢો પણ ન જોયો હોય તેવા લોકો કૃષિનીતિ નક્કી કરે છે. સરકાર પણ કૃષિ ખાતાનું નામ કૃષિ કલ્યાણ ખાતું બદલીને કે સૉઈલ હેલ્થ કાર્ડ આપીને સંતોષ માને છે પણ તેનાથી ખેડૂતોની સ્થિતિ સુધરવાની નથી. સૉઈલ હેલ્થ કાર્ડ એ તો શારીરિક તપાસના રિપોર્ટ જેવું છે, એક નિદાન છે પણ તે માટે યોગ્ય સારવાર કરાવવાની ત્રેવડ દર્દી પાસે ન હોય તપાસના રિપોર્ટથી કોઇ અર્થ સરતો નથી.

વાસ્તવમાં ખેડૂતોને પૂરતી સિંચાઈની વ્યવસ્થા, પાણી માટે સમયસર પૂરતી વીજળી,ખેડૂતનો માલ બજારમાં આવે ત્યારે પોસણક્ષમ ભાવો, ટપક -ફુવારા સિંચાઇ પદ્ધતિમાં સારી એવી સબસિડી, સજીવ ખેતીને પ્રોત્સાહન, સમયસર ટેકાના ભાવે ખરીદીની

વ્યવસ્થા, ખેડૂતને પોસાય એવા ભાવે ખાતરો, બિયારણો અને જંતુનાશક દવાઓ પૂરતા પ્રમાણમાં સમયસર મળી રહે તેવી વ્યવસ્થા, ખેડૂતોને ઉપયોગી ખેતી સાધનો પર વેટ નહીં અને સબસિડી, ખેતી માટે જરૂરી સંશોધનો ખેડૂતોના ઘર અને ખેતર સુધી પહોંચે તેવી વ્યવસ્થા, ખેતપેદાશો આધારિત ઉદ્યોગો સહકારી ધોરણે ચલાવવાની નીતિ, બાગાયત, ફળફળાદિ અને ઔષધીય પાકોને પ્રોત્સાહન,ખેત ઉત્પાદનને અનુરૂપ આયાત નિકાસની નીતિ,ખેડૂતોને તેમને ઉપયોગી ચીજોની ખરીદી પર તે ખરીદી કરે ત્યારે જ કિંમત ઘટાડારૂપે સીધી સબસિડી આપવા જેવાં અનેક પગલાં લેવાની જરૂર છે. આજે ખેડૂતને ખેતીમાં રસ રહ્યો નથી, ખેતી ખર્ચાળ છે, ખેડૂત જમીનો વેચી રહ્યો છે તે અટકાવવાના પગલાં લેવાની જરૂર છે. આવું થશે તો દેવાં નાબૂદીની કે ખેડૂતને આપઘાત કરવાની જરૂર નહીં પડે.



## લાલ બત્તીની સાથે સાંસદો ધારાસભ્યોનાં પેન્શન બંધ કરવાની જરૂર...

કેન્દ્ર સરકારે હમણાં નેતાઓની ગાડીઓ પરથી લાલબત્તી હટાવવાનો નિર્ણય કરીને વીઆઇપી કલ્ચર પર ઘા કરીને સારું પગલું ઉઠાવ્યું છે પણ જ્યાં લાખો ખેડૂતો આપઘાત કરતા હોય એવા દેશમાં ચૂંટાયેલા સાંસદો-ધારાસભ્યોને ૫ વર્ષની કામગીરી માટે જે પેન્શન અપાય છે તે બંધ કરવાની જરૂર છે. સર્વોચ્ચ અદાલતે પણ આવાં પેન્શન કેમ બંધ ન કરવાં તેવો પ્રશ્ન ઉઠાવ્યો છે.

આપણે ત્યાં પોતાને પ્રજાના સેવક ગણાવતા લોક પ્રતિનિધિઓ સેવાના નામે અનેક સગવડો અને વિશેષાધિકારો ભોગવે છે એટલે રાજકારણમાં જવાની મનોવૃત્તિ વધતી જાય છે. જે દેશમાં ઉદ્યોગોમાં કે ખાનગી ક્ષેત્રમાં આખી જિંદગી નોકરી કરનારને પેન્શન મળતું નથી યા પોતાની પ્રોવિડન્ટ ફંડની કપાતમાંથી નજીવું મળે છે ત્યાં ૫ વર્ષની સેવા માટે સાંસદો-ધારાસભ્યોને પેન્શન શા માટે આપવું જોઇએ? જ્યાં લાખો બાળકો કુપોષણનો ભોગ બનેલાં છે ત્યાં સાંસદો-ધારાસભ્યોને પેન્શન આપવાની વ્યવસ્થા કેટલે અંશે યોગ્ય છે?

નવાઇની વાત તો એ છે કે રોજ નાના અમથા મુદ્દે લડતા સાંસદો -ધારાસભ્યો પોતાને મેળવવાની સગવડો પોતે જાતે નક્કી કરે છે. જેથી કોઇ ખામી ન રહે. સંસદ કે ધારાસભા પૂરા પાંચ વર્ષ તો ચાલતી નથી. જે દિવસોમાં ચાલે છે તે પણ કેવી ચાલે છે તે સૌ જાણે છે. જો સાંસદ કે ધારાસભ્યોએ કામ કર્યું હોત તો દેશની આ દુર્દશા ન હોત. એક દિવસ પણ સાંસદ ધારાસભ્ય રહે તે આજીવન પેન્શન મેળવવા હકદાર બની જાય છે. તેના અવસાન પછી તેની પત્નીને પણ આજીવન મળે છે.એટલું જ નહી જીવનભર સેકન્ડ એસી માટે સાથીદાર સાથે મફત યાત્રાની સગવડ મળે છે. સાંસદ કે ધારાસભ્ય તરીકે ચાલુ હોય ત્યારે તો ઢગલો સગવડ મળે છે પણ નિવૃત્ત થાય પછી પણ સગવડો મળે છે. દેશની આઝાદી બાદ જેમણે પોતાની સઘળી સંપત્તિ દેશને આપી દીધી તેવા રાજવીઓનાં સાલિયાણાં બંધારણીય વ્યવસ્થા મુજબ આપવાની જોગવાઇ હતી તે પણ ખતમ કરી દેવાઇ તો પછી જેઓ કશું ઉકાળતા નથી અને દેશને કશું આપતા નથી તેમને પેન્શનની સગવડ શા માટે મળવી જોઇએ?

વળી, ચૂંટાયેલા સભ્યો ગૃહમાં હાજર રહે કે ન રહે, પ્રશ્ન પૂછે કે ન પૂછે, ચર્ચામાં ભાગ લે કે ન લે, ધમાલ કરે, સસ્પેન્ડ થાય, સંસદની કાર્યવાહી ન ચાલે છતાં પેન્શન મળે છે. આપણા ઉમેદવારો ચૂંટણી ફોર્મ ભરતાં કરોડોની સંપત્તિ દર્શાવે છે. ગૃહમાં કરોડપતિ પ્રતિનિધિઓની સંખ્યા કૂદકે ને ભૂસકે વધતી જાય છે. જો અનેક લોકો ગેસની સબસિડી છોડી શકે તો કરોડપતિ સાંસદો-ધારાસભ્યો પોતાનું પેન્શન કેમ ન છોડી શકે? ગુજરાતમાં મોરારજી દેસાઇ અને બાબુભાઇ જ. પટેલ જેવા લોકો કોઇ પણ પ્રકારનું પેન્શન લેતા ન હતા. આવા નેતાઓ ક્યાં છે? દીવો લઇને શોધવા પડે.

## માનવ સૂચકઆંકની યાદીમાં આપણે ૧૩૧મા નંબરે...



યુનો દ્વારા પ્રસિદ્ધ કરાયેલ વિશ્વના માનવસૂચકઆંકની દષ્ટિએ આવતા ૧૮૮ દેશોની યાદીમાં ભારત ૧૩૧મા નંબરે છે. એટલે કે આ યાદીના ૧૨૫ દેશોમાં પણ તેનો સમાવેશ થતો નથી. આપણે જાતે વિવિધ આંકડા જાહેર કરીને દુનિયામાં નંબર વન હોવાની ડંફાસો મારવામાંથી ઊંચા આવતા નથી. તેની સામે યુનોના આંકડા ઘર આંગણાની વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ આપે છે. એક બાજુ ચીનને પણ આંબી જવાની વાતો થાય છે તો બીજી બાજુ સાચી સ્થિતિ જુદી છે. નોટબંધી પછી દેશનો જીડીપી દર ૭ ટકા છે તેવી જાહેરાત સરકારે કરી દીધી. પ્રજા પણ ખુશ અને સરકાર પણ ખુશ. નોટબંધીની સફળતાની ચર્ચાઓ થાય છે, ક્રેડિટ લેવાય છે પણ માનવસૂચકઆંકની સ્થિતિની કોઇ ચર્ચા કરતું નથી.

આ સ્થિતિ માટે દેશની અત્યારસુધીની બધી જ સરકારો જવાબદાર છે. કેમ કે તેમના માટે શિક્ષણ, આરોગ્ય, વીજળી, પાણી, રોડ, ગામડાં, કૃષિ વગેરે અગ્રતાક્રમે રહ્યાં નથી પણ આધુનિક એરપોર્ટ, રિવરફ્રન્ટ વગેરે જેવા પ્રોજેક્ટ્સ અગ્રતાક્રમે રહ્યા છે. શિક્ષણ, આરોગ્ય જેવી જરૂરી સેવાઓનું ખાનગીકરણ કરાતાં મોંઘીદાટ બની ગઇ છે. સરકારી શિક્ષણસંસ્થાઓમાં કે સરકારી દવાખાનાઓમાં પૂરતો સ્ટાફ કે સુવિધાઓ પણ હોતાં નથી.

મફત ટી.વી., લેપટોપ, સાઇકલ, બે-પાંચ રૂપિયામાં ઇડલી-સંભાર કે અન્ય ભોજન જેવાં મતલક્ષી પગલાં લેવાય છે પણ પાયાની સુવિધાઓ પ્રત્યે જે ધ્યાન અપાવું જોઇએ તે અપાતું નથી. વિશ્વની શ્રેષ્ઠ દસ યુનિવર્સિટીઓમાં ભારતની કોઇ યુનિવર્સિટીને સ્થાન મળતું નથી. આપણે જાતે આપણા વખાણ કર્યા વિના કે જાતે પ્રમાણપત્ર મેળવ્યા વિના અગ્રતાક્રમ બદલીને પાયાનાં કામો તરફ ખાસ ધ્યાન આપવાની જરૂર છે.